# એકસૂત્રમાં બાંધતું પર્વ એટલે હોળી

પ્રત્યેક દેશના પોતાના સામાજીક..ધાર્મિક અને રાષ્ટ્રિય પર્વ હોય છે.કોઇપણ દેશના પર્વ તે દેશની સંસ્કૃતિ..એકતા..ભાઇચારો..પરંપરા અને આપસી ભેદભાવ દૂર કરી એકસૂત્રમાં પરોવવાનું પ્રતિક હોય છે. સામાજીક અથવા ધાર્મિક તહેવારોનું પોતાનું અલગ મહત્વ તથા સ્થાન હોય છે.આ તહેવાર માનવીની ધાર્મિક વિચારધારાઓને પૃષ્ટ કરે છે..સાથે સાથે સમાજના તમામ વર્ગોમાં પારસ્પરીક પ્રેમ..એકતા..વગેરે સ્થાપિત કરે છે.

પ્રત્યેક પર્વનો સબંધ ભૂતકાળની કોઇ મહત્વપૂર્ણ ઘટના અથવા ઘટનાઓ સાથે જોડાયેલ હોય છે.આ તહેવાર ભૂતકાળની ઘટનાઓ પ્રત્યે નવચેતના જગાવીને ઉલ્લાસ..ઉમંગ ભરીને ગૌરવશાળી ભૂતકાળને પુનઃજીવિત કરે છે અને અમોને અમારી મહાન ગૌરવશાળી સંસ્કૃતિથી જોડી રાખે છે.

હોળીએ યૌવન..મસ્તી..ઉમંગ અને અંદરોઅંદરના ભેદભાવ(દુશ્મની) ભુલીને એકસૂત્રમાં બાંધવાનું પર્વ છે.પ્રાચીનકાળથી હોળીને એક લોકપર્વના રૂપમાં મનાવવામાં આવે છે.હોળીનું પર્વ ભારતીથ સંસ્કૃતિ અને પ્રકૃતિ બંન્ને સાથે જોડાયેલું છે.

હોળીના પર્વ સબંધિત પૌરાણિક કથા પણ ખુબ જ પ્રસિદ્ધ છે.રાજા હિરણ્યકશ્યપ અને તેમની પત્ની કયાધૂથી ભગવદ રત્ન પ્રહ્લાદનો જન્મ થયો હતો.હિરણ્યકશ્યપને ચાર પૂત્ર હતા તેમાં પ્રહ્લાદ સૌથી હતા એટલે તેમના પ્રત્યે પિતાને વિશેષ સ્નેહ હતો.પિતા કટ્ટર નાસ્તિક તો પૂત્ર પ્રહ્લાદ કટ્ટર આસ્તિક..ઇશ્વર ભક્ત હતા.હિરણ્યકશ્યપ રાક્ષસ હતો તેને તમામ જગ્યાએ હિરણ્ય એટલે સોનું જ દેખાતું હતું. તેને ત્રણ જ વસ્તુ દેખાતી હતીઃ પૈસો..સ્ત્રી અને દારુ.તે જીવનમાં ભોગને જ સર્વસ્વ સમજતો હતો.તેનામાં ખાવો..પીવો અને મોજ કરો એવી મનોવૃત્તિ હતી.તે પોતાને જ ઈશ્વર સમજતો હતો અને પોતાના રાજ્યમાં તમામ લોકો તેની જ ઈશ્વર સમજીને પૂજા કરે તેવો તેનો આદેશ હતો.કાદવમાં કમળ ખીલે તેમ આ રાક્ષસને ત્યાં રાત દિવસ પ્રભુનું નામ સ્મરણ કરે તેવો પૂત્ર જન્મ્યો હતો.વિચારોમાં જમીન આસમાનના ફરકના કારણે પિતા પૂત્ર વચ્ચે એકતા સ્થાપિત થઇ શકી નહીં.

### હિરણ્યકશ્યપ જેવા રાક્ષસના ઘેર પ્રહ્લાદ જેવા પરમ ભક્તનો જન્મ કેમ થયો ?

એકવાર બ્રહ્માજીના માનસ પૂત્ર સનકાદિક કે જેમની અવસ્થા સદાય પાંચ વર્ષના બાળક જેવી જ રહે છે તેઓ વૈકુઠ લોકમાં ગયા.તેઓ ભગવાન વિષ્ણુ પાસે જવા ઇચ્છતા હતા,પરંતુ જય અને વિજ્ય નામના દ્વારપાળોએ તેમને બાળક સમજીને અંદર જવા દીધા નહિ,તેથી મહાત્માઓને ગુસ્સો આવી જાય છે કે અમારા માટે ભગવાનના દ્વાર ક્યારેય બંધ ના હોય.ક્રોધના આવેશમાં સનકાદિક

http://suratiundhiyu.wordpress.com/

ઋષિઓએ શ્રાપ આપ્યો કેઃતમારા લોકોની બુધ્ધિ તમોગુણથી અભિભૂત છે એટલે તમે બંને અસુર બની જશો.દ્વારપાળો દુઃખી થઇ ગયા.ભગવાનને ખબર પડી એટલે બહાર આવ્યા.મહાત્માઓને સમજાવ્યું કેઃદ્વારપાળોએ તમોને અટકાવ્યા એ તેમની ભૂલ હતી પરંતુ તમોએ એમને શ્રાપ આપ્યો એ બરાબર નથી કર્યું કેમ કે તેઓ તેમની ફરજ બજાવતા હતા ! ગમે તેમ પણ તે ચોકીદાર છે, કંઇક ફેરફાર કરો.સંતોએ કહ્યું કેઃ તેમને અસુર તો થવું જ પડશે,પરંતુ અમે એક ફેરફાર કરીએ છીએ કે તે અસુર બન્યા પછી  તમારી સાથે ભક્તિભાવ રાખશે તો તેમને સાત જન્મો પછી મુક્તિ મળશે અને તમારી સાથે વેર બાંધશે તો ત્રણ જન્મો પછી પુનઃ તેમને આ સ્થાનની પ્રાપ્તિ થશે.આટલું કહીને મહાત્માઓ જતા રહ્યા.આ દ્વારપાળોએ નિર્ણય કર્યો કેઃ ભગવાનનું ભજન કરીએ તો સાત જન્મો પછી મુક્તિ મળશે,તેના કરતાં ત્રણ જન્મો પછી મુક્તિ મળે તેવું કરીએ.

ઋષિના શ્રાપવશ તે બંને દ્વારપાળો દિતિના ગર્ભથી હિરણ્યકશ્યપુ અને હિરણાક્ષના રૂપમાં ઉત્પન્ન થયા.હિરણાક્ષને ભગવાન વિષ્ણુએ વરાહ અવતાર ધારણ કરીને માર્યો.ભાઇના વધથી સંતપ્ત હિરણ્યકશ્યપુએ દૈત્યો અને દાનવોને દેવો ઉપર અત્યાચાર કરવા માટે આજ્ઞા આપી પોતે મહેન્દ્રાચલ પર્વત ઉપર તપ કરવા માટે ચાલ્યો ગયો.તેના હૃદયમાં વેરની આગ ધધક રહી હતી,એટલે તે ભગવાન વિષ્ણુ સામે બદલો લેવા માટે ઘોર તપસ્યામાં જોડાઇ ગયો. આ બાજુ હિરણ્યકશ્યપુને તપસ્યામાં લીન જોઇને ઇન્દ્રે દૈત્યો પર ચઢાઇ કરી દીધી.દૈત્યગણ અનાથ હોવાના કારણે ભાગીને રસાતલમાં ચાલ્યા ગયા.ઇન્દ્રએ રાજમહેલમાં પ્રવેશ કરીને રાજરાણી કયાધૂને બંદી બનાવી દીધાં, તે સમયે તે ગર્ભવતી હતાં.ઇન્દ્ર જ્યારે તેમને અમરાવતી તરફ લઇ જઇ રહ્યા હતા ત્યારે તેમની મુલાકાત દેવર્ષિ નારદજી સાથે થાય છે.નારદજીએ ઇન્દ્રને કહ્યું કેઃ ઇન્દ્ર ! આ કયાધૂને ક્યાં લઇ જાય છે ? ઇન્દ્રએ કહ્યું કેઃ દેવર્ષિ ! તેના ગર્ભમાં હિરણ્યકશ્યપુનો અંશ છે તેથી તેને મારીને પછી કયાધૂને છોડી દઇશ. આ સાંભળીને નારદજીએ કહ્યું કેઃ  દેવરાજ ! કયાધૂના ગર્ભમાં મહાન ભગવદ્ ભક્ત છે જેને મારવો તારી શક્તિની બહાર છે,એટલે તું તેમને છોડી દે. નારદજીની વાત માનીને ઇન્દ્રએ કયાધૂને નારદજી પાસે જ છોડીને અમરાવતી ચાલ્યા ગયા.નારદજી કયાધૂને પોતાના આશ્રમમાં લઇ ગયા અને કયાધૂને કહ્યું કેઃ બેટી ! જ્યાંસુધી તમારા પતિ તપસ્યા કરીને પરત ના આવે ત્યાંસુધી આપ સુખપૂર્વક મારા આશ્રમમાં રહો.અવારનવાર નારદજી ગર્ભસ્થ બાળકને લક્ષ્ય બનાવીને કયાધૂને તત્વજ્ઞાનનો ઉપદેશ આપતા હતા. આ જ બાળક જન્મ બાદ પરમ ભાગવત્ પ્રહ્લાદ થયા. ત્યાંના સંસ્કારોની અસર પ્રહ્લાદ ઉપર પડી હતી.નારદજીના મુખેથી દૈવી વિચારો સાંભળી પ્રહ્લાદ જડવાદી રાક્ષસનો પૂત્ર હોવા છતાં પણ ગર્ભવાસમાં દૈવી વિચારો સાંભળ્યા હોવાથી તે દૈવી વિચારનો મહાન..તેજસ્વી પ્રભુ ભક્ત થયો.

http://suratiundhiyu.wordpress.com/

હિરણ્યકશ્યપુએ પોતાના ગુરૂપૂત્ર ષણુ અને અમર્કને બોલાવ્યા અને પ્રહ્લાદને શિક્ષણ આપવા માટે તેમને હવાલે કરી દીધા.પ્રહ્લાદ ગુરૂગૃહમાં શિક્ષણ મેળવવા લાગ્યા.કુશાગ્ર બુધ્ધિ હોવાના કારણે તે ગુરૂ પ્રદત્ત શિક્ષણ તુરંત જ ગ્રહણ કરી લેતા હતા.સાથે સાથે તેમની ગુરૂ ભક્તિ પણ વધવા લાગી.પ્રહ્લાદ અસુર બાળકોને પણ ભગવદ્ ભક્તિનું શિક્ષણ આપતા હતા.આ બધી વાતોની જાણ જ્યારે હિરણ્યકશ્યપને થઇ તો એકદિવસ હિરણ્યકશ્યપુએ ઘણા જ પ્રેમથી પ્રહ્લાદને પોતાના ખોળામાં બેસાડીને કહ્યું કેઃ બેટા ! અત્યાર સુધીમાં ભણેલી સારામાં સારી વાત સંભળાવ.

હિરણ્યકશ્યપએ પ્રહ્લાદને સમજાવવાના અનેક પ્રયાસો કર્યા પરંતુ પ્રભુનામમાં મસ્ત પ્રહ્લાદના વિચારો બદલવામાં તે નિષ્ફળ રહ્યા.ત્યારબાદ તેને પ્રહ્લાદને મારી નાખવા આજ્ઞા આપી.અસુરોએ પ્રહ્લાદને મારી નાખવા માટે વિભિન્ન અસ્ત્રોનો પ્રયોગ કર્યો,પરંતુ તે તમામ નિષ્ફળ ગયા,ત્યારબાદ પ્રહ્લાદને હાથીઓની નીચે કચડી નાખવા પ્રયાસ કર્યો,વિષધર સર્પો કરડાવ્યા,પુરોહિતોથી કૃત્યા રાક્ષસી ઉત્પન્ન કરાવડાવી પહાડોની ટોચ ઉપરથી નીચે નખાવ્યા,શમ્બાસૂર પાસે અનેક માયાના પ્રયોગો કરાવડાવ્યા,અંધારી કોટડીમાં પુરી દીધા,ઝેર પિવડાવ્યું,ભોજન બંધ કરાવી દીધું,બર્ફિલી જગ્યાએ,દહકતી આગ અને સમુદ્રમાં ફેકાવ્યા, આંધીમાં છોડી મુક્યા તથા પર્વત નીચે દબાવી દેવામાં આવ્યા,પરંતુ તમામ ઉપાયો કરવા છતાં પ્રહ્લાદનો વાળ વાંકો ના થયો.પ્રત્યેક વખતે તે બચી ગયા,ત્યારે હિરણ્યકશ્યપે પ્રહ્લાદને અગ્નિમાં જીવતો બાળી મુકવાની નવી યોજના બનાવી.

હિરણ્યકશ્યપની હોલીકા નામની એક બહેન હતી.હોલીકાને અગ્નિદેવનું વરદાન હતું કેઃ જો તે સદવૃત્તિના મનુષ્યોને કનડશે નહીં તો અગ્નિ તેને બાળશે નહીં.આ માટે અગ્નિદેવે વરદાનના રૂપમાં દિવ્ય ચુંદડી આપી હતી કે જે ઓઢવાથી અગ્નિથી રક્ષણ થાય.

હિરણ્યકશ્યપે પ્રહ્લાદને જીવતો બાળી મારી નાખવા લાકડાનો ઢગલો કરી તેમાં હોલીકાના ખોળામાં પ્રહ્લાદને બેસાડવાનો આદેશ કર્યો.પ્રહલાદે પિતાની આજ્ઞાનું પાલન કર્યું અને ભગવાન વિષ્ણુને પોતાનો જીવ બચાવવા માટે પ્રાર્થના કરી. અંતે જ્યારે અગ્નિ પ્રગટાવવામાં આવ્યો ત્યારે પવનદેવની કૃપાથી પેલી ઓઢણી હોલિકાનાં મસ્તક પરથી ઉડી અને પ્રહલાદને વિંટળાઇ ગઇ. ઇશ્વરની લીલાથી હોલિકા અગ્નિમાં બળીને ભસ્મ થઇ ગઈ અને પ્રહલાદનો વાળ પણ વાંકો ના થયો. આમ હોલિકાનું દહન થયું તે ઘટના હોળી ઉત્સવનું કારણ બની.

કોઇને જન્મ આપી કોઇ વ્યક્તિને મોટો કરવાની હિંમત મા-બાપમાં હોતી નથી.પ્રભુની શક્તિ વિના કોઇનામાં જન્મ આપવાની શક્તિ હોતી નથી અને જન્મેલાને બચાવવાની શક્તિ પણ હોતી નથી. પ્રભુ શક્તિ જ આપત્તિમાંથી બચાવે છે.

આ કથા અનુસાર આજે પણ હોલિકાદહન મનાવવામાં આવે છે.હવે આપણને શંકા થાય કેઃ જે હોલિકાએ પ્રહલાદ જેવા હરિભક્તને મારી નાખવાનો પ્રયાસ કર્યો..તે હોલિકાનું હજારો વર્ષોથી

લોકો પૂજન શા માટે કરે છે ? હોલિકાપૂજનની પાછળનું કારણ જુદું છે.જે દિવસે હોલિકા પ્રહ્લાદને ખોળામાં બેસાડીને અગ્નિમાં બેસવાની હતી તે દિવસે નગરના બધા જ લોકોએ ઘેર ઘેર અગ્નિ પ્રગટાવીને પ્રહ્લાદના રક્ષણ માટે પ્રાર્થના કરી હતી.અગ્નિદેવે લોકોની અંતઃકરણની પ્રાર્થના સ્વીકારી અને પ્રહ્લાદ બચી ગયો.કાળક્રમે પ્રહ્લાદને બચાવવા માટેની પ્રાર્થનારૂપે ઘરઘરની અગ્નિપૂજાએ સામુહિક અગ્નિપૂજાનું રૂપ લીધું છે.

આમ...હોળીની પૂજા એટલે અગ્નિદેવનું પૂજન..ખરાબ વૃત્તિના નાશ માટે તથા સારી વૃત્તિના રક્ષણ માટે લોકોના હૃદયમાં રહેલી શુભ ભાવનાનું પ્રતિક છે.પ્રહ્લાદના અગ્નિમાંથી બચી જવાથી તથા કપટી હોલિકા બળી જવાથી ખુશ થયેલા લોકોએ ઉત્સવ મનાવ્યો..એકબીજા ઉપર રંગ અને ગુલાલ ઉડાડ્યો.આ જોઇ બીજા દિવસે આસુરીવૃત્તિના લોકોએ ધૂળ..કાદવ..ઉડાડ્યો તેથી હોળીના બીજા દિવસને ધૂળેટી કહેવાઇ.હોળીમાં ફક્ત કચરો કે કામ વિનાની ચીજોનો જ હોમ નથી કરવાનો પરંતુ આપણા જીવનમાં આપણને હેરાન કરતા ખરાબ વિચારો..મનના મેલનું પણ હવન કરવાનું છે.

આ જ દિવસે યોગેશ્વર ભગવાન શ્રી કૃષ્ણજીએ પૂતના નામની રાક્ષસીનો વધ કર્યો હતો..
ખેડૂતો આ પર્વને ખેતી સાથે જોડે છે.હોળીનો અર્થ છેઃ હોલા (હોરા) એટલે કેઃ કાચું અનાજ. પ્રાચીનકાળમાં એક સામુહીક યજ્ઞ કરવામાં આવતો.આ યજ્ઞમાં પ્રસાદના રૂપમાં હોલે (કાચું અનાજ) વહેંચવામાં આવતું નથી.આ યજ્ઞનું આધુનિકરૂપ હોળી પર્વ મનાવવામાં આવે છે.વિદેશોમાં પણ હોળીનું પર્વ ઉજવવામાં આવે છે.બર્મામાં હોળીના પર્વને ટિગ્ગુલા નામથી મનાવવામાં આવે છે. થાઇલેન્ડ આ પર્વ સાંગ્કાના કહેવામાં આવે છે.આ પર્વે સુગંધિત જળનો ઉપયોગ કરવામાં આવે છે તથા એકબીજા ઉપર અત્તરનો છંટકાવ કરવામાં આવે છે.ચીનમાં આ પર્વને રવેગે નામથી ઉજવાય છે.તિબેટમાં આ પર્વના દિવસે અગ્નિ પ્રગટાવીને તેની પરીક્રમા કરવામાં આવે છે.ફ્રાન્સમાં આ તહેવારને ડિંબો-ડિંબો નામથી ઉજવવામાં આવે છે.પ્રાચિન યૂનાનમાં હોળીના પર્વને મળતો મેયો નામનો તહેવાર ઉજવવામાં આવે છે.આ પર્વના દિવસે ડાયનાસિંયલ નામના દેવતાની પૂજા થાય છે તથા અગ્નિ પ્રગટાવી તેની આસપાસ નાચે છે.

હોળીના દિવસે ઘેર ઘેર ફરી લાકડાં ભેગાં કરી અગ્નિ પ્રગટાવી પૂજા અર્ચના કરવામાં આવે છે તથા ઢોલ..નગારા તથા નાચ ગાન કરવામાં આવે છે.હોળીના બીજા દિવસને ધૂળેટીના નામથી ઉજવવામાં આવે છે.સવારથી જ બાળકો..યુવાનો..વૃદ્ધો..યુવક..યુવતીઓ ટોળકીઓ બનાવી એકબીજાના ઘેર જઇ અબિલ-ગુલાલ..રંગ રંગીન પાણીથી રંગે છે.

હોળીના પર્વમાં ઉંમર..અમીરી..ગરીબીને કોઇ સ્થાન નથી.તમામ વર્ગોના તથા તમામ ઉંમરના નર-નારી એકબીજા ઉપર રંગ છાંટે છે અને ભેદભાવ મિટાવવાનો સંકલ્પ કરે છે. ગામડાઓમાં પુરૂષો મહીલાઓ ઉપર રંગ છાંટે છે ત્યારે મહિલાઓ હાથમાં લાકડી લઇ પુરૂષોની

http://suratiundhiyu.wordpress.com/

પિટાઇ કરે છે.કેટલાક લોકો આ પાવન અને મસ્તીભર્યા તહેવારના દિવસે શરાબ પીવે છે તથા જબરજસ્તીથી એકબીજાને રંગવાનો પ્રયાસ કરે છે તથા કાદવ ઉછાળે છે અને આમ અશ્લીલતા કે અમાનવીય વ્યવહારનું પ્રદર્શન કરવું જોઇએ નહીં પરંતુ હળીમળીને આ પર્વને પર્વની ભાવનાથી મનાવવું જોઇએ.

વાસ્તવમાં હોળી મસ્તી..ઉમંગ અને દુશ્મની ભૂલીને એકબીજાને ભેટવાનો પાવન તહેવાર છે.અલગ અલગ વિચારો..ધૃણા..શત્રુતા અને આપસમાંનો ભેદભાવ દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ ત્યારે જ હોળી એકસૂત્ર બાંધવાનું પર્વ કહેવાશે....!!

સંકલન : વિનોદભાઈ.મંગળભાઈ. માછી. “નિરંકારી”

http://suratiundhiyu.wordpress.com/